On World Breast feeding &ORS week ઉજવણી નિમિતે, બાળ રોગ વિભાગ ના વડા તથા બાળવિભાગના અન્ય નિષ્ણાત તબીબો દ્વારા સ્તન પાન ની જાગૃતિ માટે **GMERS Medical College Gandhinagar** ખાતે ડીન શ્રી ડૉ.શોભના ગુપ્તા અને અધિક્ષક ડો નિયતી લાખાણી ના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું છે..જેમાં મેડિકલ કોલેજ અને નર્સિંગ ના વિદ્યાર્થીઓ દ્વારા રંગોળી સ્પર્ધા, પોસ્ટર , ક્વિઝ અને નાટક દ્વારા સ્તન પાન ના ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપી વિજેતા ને ઈનામ વિતરણ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા... તેમજ ડિલિવરી થઈ હોય એવી માતાઓ ને હેલ્થ **talk** અને સ્તન પાન માં આવતી કોઈ મુશ્કેલી ને નિવારણ કરવામાં મદદ કરી.

ગીફ્ટસીટી સ્થિત કંપનીનું

૧૦.૩૭ કરોડનું ફુલેકુ ફેરવનાર બે ઝડપાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ગીફ્ટસીટી સ્થિત વર્લ્ડ ટ્રેડ સેન્ટર નોઈડા ડેવલોપમેન્ટ પ્રા.લિ.ની ઓફિસોના બુકીંગ અને પાર્કિંગના રૂપીયા કંપનીમાં જમા નહી કરાવી રૂ.૧૦.૩૭ કરોડનું ફુલેકુ ફેરવનાર પ્રોજેકટ હેડ અને સિનિયર મેનેજરને ડભોડા પોલીસ દ્વારા દબોચી લેવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજુ કરીને ૧૦ દિવસના રીમાન્ડની માંગ કરવામાં આવતા કોર્ટે ૪ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

મળતી માહિતી મુજબ ગીફ્ટસીટી વર્લ્ડ ટ્રેડ સેન્ટર નોઈડા ડેવલેપમેન્ટ પ્રા.લિ. કંપનીના માલિક આશિષભાઈ અનિલભાઈ ભલ્લા દ્વારા જુન માસમાં ફરીયાદ નોંધાવી હતી કે અગાઉ કંપનીમાં કુલ-૧૫ કર્મચારીઓ કામ કરતા હતા.ત્યારે કંપનીના પ્રોજેકટમાં ક્રમશ કમલેશ ઉર્મિલાબેન ત્રિવેદી (વાઈસ પ્રેસીડેન્ટ-પ્રોજેકટ હેડ) તરીકે કામ કરતો હતો.જયારે સિનિયર મેનેજર તરીકે શ્રેણીક જોશી અને આસી. વાઈસ પ્રેસીડેન્ટ નિમેશ મેનન સહિત અન્ય ૧૦ કર્મચારી ફરજ બજાવતા હતા.

પ્રોજેકટ હેડ અને સિનિયર મેનેજરે બુકીંગ-પાર્કિંગના પૈસા ચાઉં કર્યા

ત્યારબાદ બાદ જાન્યુઆરી થી માર્ચ ૨૦૧૩ દરમિયાન ત્રણેય જણાએ વિવિધ કારણો દર્શાવી તબક્કાવાર કંપનીમાંથી રાજીનામા આપી દીધા હતા. જેથી દિલ્હી હેડ ઓફિસથી અધિકારીઓને ગાંધીનગર મુકવામાં આવ્યા હતા. તેઓએ જાન્યુઆરી થી માર્ચ-૨૩ બુકીંગ ચેક કરતા જાણવા મળ્યું કે જે બુકીંગ લીધા છે, તેમાં અને પાર્કિંગના રૂપીયામાં ગોટાળો થવા પામ્યો છે. જેથી કંપનીના કર્મચારીઓએ વધુ ડેટા ચેક કરતા કૌંભાડનો ભાંડો ફુટ્યો હતો. જેમાં ગીફ્ટસીટી ખાતે આવેલા ટાવર સી માં યુનિટ નં - ૨૦૧ થી ૨૦૪ અને ૨૦૬ માં કાર પાર્કિંગના રૂ.૧૦.૫૦ લાખની ઉચાપત સામે આવી હતી.તે ઉપરાંત શોપ નં.-૯ તેમજ ટાવર એ.ડી.બી. યુનીટની શોપના મળી કુલ રૂ.૭૩.૫૦ લાખ પણ ચાઉં કરી ગયા હતા. ત્યારે વર્લ્ડ ટ્રેડ સેન્ટર કંપનીના પૂર્વ અધિકારી કમલેશ ત્રિવેદી(રહે એકઝોટીકા ન્યું સીજીરોડ ચાંદખેડા) તેમજ શ્રેણીક જોશી (રહે. ડી-૩૦૨, મારૂતિ-૭ રેસિડેન્સી ત્રાગડ) એ બુકીંગ અને પાર્કિંગના રૂ.૧૦.૩૭ કરોડ રૂપીયાનું ફુલેકુ ફેરવી દેતા ડભોડા પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે આ ગુનામાં કમલેશ ત્રિવેદી અને શ્રેણીક જોશીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટ દ્વારા ૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકા પંચાયત ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર,તા.૦૪

જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મહિલા નેતૃત્વ દિવસ અંતર્ગત તા ૪ ઓગષ્ટના રોજ ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં દહેગામ તાલુકા પંચાયત ખાતે મહિલા નેતૃત્વ દિવસનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની થીમ પર નાટકનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ઉપરાંત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પશુપાલન અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારી મોદી મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કનુભાઈ પટેલ, જિલ્લા લાઈવલીહૂડ મેનેજર કિરણભાઈ વ્યાસ, NCUI પ્રોજેક્ટ મેનેજર ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા એપીએમ શ્રી રણજીતભાઇ મોચી, તાલુકા લાઈવલીહૂડ મેનેજર નલીની પટેલ અને DHEW નો સ્ટાફ ધ્વારા ૦૯ બેંક સખી બહેનોને નિમણુંક પત્ર આપી હાજર મહિલાઓને ૧૮૧ અભયમ હેલ્પલાઈન તેમજ મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ડેન્ગ્યુ, મલેરિયાની રોકથામની ઝુંબેશ મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત

ગાંધીનગર,તા.૦૪

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આહવાન પર સ્વચ્છતા અને ડેંગ્યુ અને મલેરિયાની રોકથામની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. અને કાર્યક્રમમા અંતર્ગત ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સ્વય સેવકોને ઝુંબેશમાં જોડાવાવની અપીલ કરી હતી અને સંસ્થાનાં મેડીકલ ઓડીસર ડૉ. નૈનેશ વસાવા દ્વારા સ્વય સેવકોને તાલીમ પણ આપવામાં આવી છે અને સ્વય સેવકોને જે જગ્યા પાણી ભરેલું હોય તેમાંથી મચ્છરનાં નાના લારવા અને ઈંડાંને નાબુદ કરવાની તાલીમ આપી હતી અને સંપૂર્ણ પરિસરમાં કોઈ પણ જગ્યા પાણીને એકત્રિત થવા ન દેવું અને દરેક સાત દિવસ પેહલા એકત્રિત પાણીમા દવાનો છટકાવ કરવાનું જેનાથી મચ્છરનાં

ઈંડાંને નાબુદ કરી ડેંગ્યુ, મલેરિયા અને મચ્છરથી થતા અન્ય રોગોને અટકાવી શકાય અને વિદ્યાર્થી અને નાગરિક તરીકેની પોતાની નાની જવાબદારી પૂર્ણ કરી ભયંકર રોગોથી લોકોને બચાવી શકાય. પ્રાથમિક ધોરણે પોતાના પરિસરને ડેંગ્યુ અને મલેરિયા મુક્ત બનાવી પછી આવતા દિવસોમાં ડભોડા સ્વાસ્થ્ય કેન્દ્ર અને સાદરા મેડીકલ ઓફિસર ડૉ. નૈનેશકુમાર વસાવાનાં માર્ગદર્શન અને નેજાં હેઠળ સાદરા અને સાદરાનાં આજુબાજુના ગામો જે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત દત્તક લીધેલ ગામો છે તેમાં પણ આ સ્વચ્છતા અને મલેરિયાની રોકથામની ઝુંબેશ ચલાવવામાં આવશે. વિશેષમા આ સંપૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક શ્રી ખંજન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવ્યું છે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ અને સંસ્થાના મુખ્ય ગૃહપતિ શ્રી ભરતભાઈ પટેલ તેમજ છાત્રાલય એકમની પણ વિશેષ ભૂમિકા રહી છે.

રાજભવનમાં રાજ્યપાલની ઉપસ્થિતિમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ

ગુજરાતમાં કુલ ૭,૭૪,૦૦૦ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા : રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક ખેતી પદ્ધતિના મોડેલ ફાર્મ બનાવે

ગાંધીનગર,તા.૦૪

ખેડૂતોમાં જાગૃતિ અને સમાજના સહિયારા પ્રયાસોને પરિણામેગુજરાતમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. જુલાઈ-૨૦૨૩ ના એક મહિનામાં જ રાજ્યમાં ૧,૦૫,૦૦૦ નવા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. હવે રાજ્યમાં કુલ ૭,૭૪,૦૦૦ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે, દરેક તાલુકામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનું મોડેલ ફાર્મ બને. ઓછા ખર્ચે, સારી ગુણવત્તા અને શ્રેષ્ઠ પોષકતત્વોવાળું વધુ ખેત ઉત્પાદન જોઈને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત થશે. રાજભવનમાં આજે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક ખેતી પદ્ધતિના મોડેલ ફાર્મ બનાવે અને વૈજ્ઞાનિકો વિશેષ સંશોધનો કરીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિના લાભોનો સાક્ષાત્કાર કરાવે એવો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કેન્સર જેવા

જીવલેણ રોગો અને બીમારીઓ નું પ્રમાણ વધતું જાય છે. રોગપ્રતિકારક શક્તિ ઓછી થઈ રહી છે. પર્યાવરણ બગડ્યું છે, ગ્લોબલ વોર્મિંગનું સ્થાન ગ્લોબલ બોઈલીંગે લીધું છે. ભૂમિગત પાણી ઓછું થઈ રહ્યું છે. આવી તમામ સમસ્યાઓનું નિરાકરણ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઉત્પન્ન થતા અનાજ, ફળ અને શાકભાજીમાં પોષણ મૂલ્યો પણ વિશેષ હોય છે. ખેડૂતો હવે પ્રાકૃતિક ખેતીનું મૂલ્ય સમજીને તેને સ્વીકારી રહ્યા છે, એ માટે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી વધુને વધુ ગ્રામ પંચાયતોમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી ભણી વળી રહ્યા છે. ગુજરાતની ૬,૭૭૪ ગ્રામ પંચાયતો એવી છે જ્યાં ૭૫ થી વધુ કિસાનો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. સુરેન્દ્રનગર, મહેસાણા, દાહોદ, ભાવનગર અને ડાંગ જિલ્લામાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે.

સિવિલમાં વિઝીટર પાસ સિસ્ટમનું બાળમરણ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા સમય પહેલા જ દર્દીના સગા માટે પાસ સિસ્ટમ અમલી બનાવાઈ હતી. જેમાં દર્દી પાસે માત્ર બે જ સગાએ રહેવાની જોગવાઈ હતી.

આ પાસ સિસ્ટમ થી દર્દીઓને આરામ મળતો હતો. સગાઓની સંખ્યામાં કામ મુકાતા સ્વચ્છતા જળવાતી હતી. પરંતુ કારણોસર વિઝીટર પાસ સિસ્ટમનું શુરશુરીયું થઈ ગયું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસ સ્થિત ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે દર્દીઓ સાથે સગાઓ પણ મોટીસંખ્યામાં રહેતા હતા. જેથી દર્દીને આરામ પણ મળતો ન હતો.

સગાઓની સતત આવન જાવન રહેતા સ્વચ્છતા પણ જળવાતી નહોતી. સગાઓ વધુ હોવાથી ગમે ત્યાં સુઈ જતા તેઓના મોબાઈલ કે પર્સ ચોરીના કિસ્સા પણ સામે આવતા હતા. જેથી સિવિલ તંત્ર દ્વારા દર્દી સાથે માત્ર બે જ સગાએ રહેવા માટે થોડા સમય પહેલા વિઝીટર પાસ સિસ્ટમ અમલી બનાઈ હતી.

જે પાસ દરેક વોર્ડમાં આપી દેવામાં આવ્યા હતા.

જયારે તાત્કાલીકમાં વિભાગમાંથી દર્દી એડમીટ થાય તેની સાથે જ બે પાસ ઈશ્યુ કરવામાં આવતા હતા.જયારે દર્દીને મળવાનો સમય પણ નિયત કરવામાં આવ્યો હતો.

જેથી સિવિલ સત્તાધિશોને પણ રાહત થઈ હતી. ડોકટર દ્વારા રજા આપવામાં આવતા દર્દીના સગા દ્વારા પાસ જમા કરાવવામાં આવતા હતા. પરંતુ કોણ જાણે કેમ છેલ્લા કેટલાક દિવસથી આ સિસ્ટમ બંધ થઈ ગઈ છે. હાલના સમયે દર્દીઓ પાસે બે થી વધુ દર્દીઓ રહે છે. જયારે આખો દિવસ દર્દીને મળવા માટે સગાઓનો ધસારો રહે છે. સવાર થી સાંજ સુધી દર્દીના સગાઓથી હોસ્પિટલ ધમધમતી રહે છે. ત્યારે પહેલા દર્દીના સગા વિઝીટર પાસ લટકાઈને ફરતા નજરે પડતા હતા.ત્યારે છેલ્લા કેટલાક સમયથી તે દ્રશ્ય જોવા મળતા નથી. વોર્ડમાંથી પાસ ઈશ્યુ થતા નથી કે શું તે તંત્રએ તપાસ કરવા જેવી છે. ત્યારે વિઝીટર પાસ સિસ્ટમ અમલી થતા તંત્ર અને દર્દીઓને ચોકક્સ રાહત મળી હતી.

રક્ષાશકિત સર્કલ પાસે અજાણ્યા વાહનની ટક્કરે એકટીવા ચાલક યુવતિનું મૃત્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના રક્ષાશકિત સર્કલ પાસે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવા ચાલક યુવતિને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

બનાવમાં એકટીવા ચાલક યુવતિ રોડ પર પટકાતા શરીરે મોંઢાના તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા કરૂણ મૃત્યું નિપજયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ગોતા ખાતે પ્રધાન લેવીસ સોસાયટીમાં રહેતા ચિરાગ બાબુભાઈ માંકડીયા ડી.સી.બી. ઈન્ડીયા નામની કંપનીમાં ડેવલપર તરીકે નોકરી કરે છે. ગતરોજ તેઓ ઘરે હાજર હતા. તે સમયે ફોઈની દિકરી શિલ્પાબેને ફોન કરી ને ચિરાગભાઈને જાણ કરી કે મારી દિકરી એશાને ગાંધીનગર રક્ષાશકિત સર્કલ પાસે અકસ્માત થયો છે.

તેણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા છે. જેથી તમે તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચો. જેથી ચિરાગભાઈ સિવિલ ખાતે દોડી ગયા હતા.

જયાં જાણ થઈ કે એશાને શરીરે ગંભીર પ્રકારની તેમજ મોંઢાના ભાગે ઈજા પહોંચતા કરૂણ મૃત્યુ નિપજયું છે.

બનાવ અંગે તપાસ કરતા ચિરાગભાઈને વધુ જાણવા મળ્યું કે એશા અને રિધ્ધી એકટીવા લઈને રક્ષાશકિત સર્કલથી પસાર થતા હતા. તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલક એકટીવાને ટકકર મારી નાસી ગયો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

એમ.કે. ફાઉન્ડેશન દ્વારા ૧૫મી ઓગષ્ટે ધો. ૧ થી ૭ ના બાળકોને ઈનામ વિતરણ

ગાંધીનગર, તા. ૪

આ વર્ષે સેક્ટર-૧૪માં રહેતા ધો. ૧ થી ધો. ૭ માં અભ્યાસ કરતા બાળકોને મેરીટ મુજબ પ્રથમ, દ્વિતિય અને તૃતીયને ઈનામ વિતરણ એમ.કે. ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. જે માટે ધો. ૧ થી ધો. ૭ના સેક્ટર-૧૪માં રહેતા બાળકોને પ્લોટ નં. ૧૭૯/૨, સેક્ટર-૧૪ મહાત્મા મંદિર પાસે, ગાંધીનગરને તા. ૧૦-૮-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા નમ્ર અપિલ કરવામાં આવી છે. વધુમાં માર્કશીટ મોકલનાર દરેક બાળકોને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવશે એમ અખબારી યાદીમાં નિમેષભાઈ ચૌહાણે જણાવેલ છે.

સિવિલમાં અખીયા મિલાકે ના દર્દીઓ માટે અલગ વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર સિવિલમાં આઈ ઓપીડીમાં રોજના ૪૦૦ થી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. તેમાં હાલના સમયે આંખ આવવી કન્જકટિવાઈટીસના રોગના દર્દીઓની સંખ્યામાં સવિશેષ વધારો જોવા મળ્યો છે. ત્યારે કન્જકટિવાઈટીસનો ચેપ કર્મચારીઓને તેમજ અન્ય દર્દીને ના લાગે તે માટે સિવિલમાં આઈ ઓપીડીમાં અખીયા મિલાકે ના દર્દીઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજયમાં છેલ્લા કેટલાક સમયથી આંખના ચેપી રોગથી નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા છે. ડોકટરની સલાહ મુજબ આંખના ટીપા નાખ્યા બાદ ચાર પાચ દિવસમાં અખીયા મિલાકે નો ચેપ દુર થાય છે. આ રોગમાં દર્દીઓને આંખમાં બળતરા થવી, પાણી નીકળવુ, આંખ લાલ થવી અને સોજો આવે છે. વારંવાર સ્વચ્છ પાણીથી આંખ ધોવી, સ્વચ્છ કપડા થી આંખો સાફ કરવી, આંખ પર ચશ્મા પહેરવા, આંખની દવા નાંખવાથી આ કન્જકિટવાઈટીસ મટી જાય છે. ગાંધીનગર સિવિલમાંહોસ્પિટલ આઈ ઓપીડીમાં રોજના ૪૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં ૨૫૦ થી વધુદર્દીઓઆંખના ચેપીરોગના આવેછે.જેથી ચેપી રોગના દર્દીઓનો ચેપ અન્ય કર્મચારીઓ કે દર્દીઓને ના લાગેતે માટે ઓપીડીમાંઅલાયદી વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

ફ્રેન્ડશિપ ડેના દિવસે સેન્ટ્રલ વિસ્ટા ખાતે

પર્યાવરણ સાથે મૈત્રીની થીમ પર 'જલસા સ્ટ્રીટ'નો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૦૪

ગાંધીનગર મહાનગર પાલિકા તથા મારુ ગાંધીન ગરના સંયુક્ત ઉપક્રમે આગામી ૬ ઓગસ્ટના રોજ સવારે ૭ વાગ્યે સેન્ટ્રલ વિસ્ટા ખાતે 'જલ્સા સ્ટ્રીટ' કાર્યક્રમ યોજાશે. ફ્રેન્ડશિપ ડે દિવસે પર્યાવરણ સાથે મૈત્રીની થીમ પર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. સ્વચ્છતા અંગે જાગૃતિ તેમજ મેરી માટી, મેરા દેશ કેમ્પેઈનની થીમ આધારિત આ કાર્યક્રમમાં લાઈવ ડી.જે ગરબા, ગેમ્સ વગેરે આકર્ષક પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જે.એન. વાઘેલા, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

ચોમાસાની મનમોહક ઋતુમાં જ્ઞાન સાથે ગમ્મત માટેની વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓના આ કાર્યક્રમમાં ગાંધીનગરના નાગરિકોને સહભાગી થવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

પિતાના આક્રોશનો ભોગ બનેલા બે માસૂમ બાળકો બિનવારસી બની ગાંધીનગરના માર્ગ પર ફરતા થયા

ગાંધીનગર, તા.૪

ઘાનેરાથી કોઈ વ્યક્તિ સાથે ભાગી ગયેલી પત્ની સામેનો આક્રોશ વ્યક્ત કરવા ગાંધીનગર ખાતે રહેતા પત્નીના મોટા બાપુજીના ઘરે આવેલ પતિ બન્ને બાળકોને પત્નીના મોટાબાપુજીના ઘરે મુકી જતો રહ્યો હતો. ત્યારબાદ બે માસૂમ ભુલકાઓ ગાંધીનગરના ક-૭ સર્કલ પાસેથી પોલીસને મળ્યા હતા. આ બન્ને ભુલકાના પિતાનું કાઉન્સિલીંગ કરીને પોલીસ અને બાળ સુરક્ષા એકમે પિતાની ઓળખ કરી હતી. ભુલકાઓને તેના પિતા - બા સાથે તેમનું મિલન કરાવ્યું હતું. આ ઘટનાની વિગત એવી છે કે, તા.૨૮/૦૭/૨૦૨૩ના રોજ ક- ૭ સર્કલ પાસેથી બપોરના ૦૧:૦૦ વાગ્યા આસપાસ પેટ્રોલીંગ દરમ્યાન સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ગાંધીનગરને આશરે ૦૬ વર્ષની ઉંમરના ૨ બાળકો મળી આવ્યા હતા. પોલીસે બાળકો પાસેથી તેમના માતા-પિતા અને ઘરે વિશે માહીતી મેળવવા પ્રયત્નો કર્યો હતો. પરંતુ બન્ને બાળકો તેમનું ચોક્કસ સરનામું કે મોબઈલ જાણતા ન હતા. ફક્ત ધાનેરાના રહેવાસી હોવાનું જણાવ્યુ હતુ.

તેમજ પિતા સાથે ગાંધીનગર આવેલા હોવાનું જણાવ્યું હતુ. પોલીસ દ્વારા બાળકોના વાલીનો સંપર્ક ન થતા ૦૨ બાળકોને બાળ કલ્યાણ સમિતિ ગાંધીનગરના આદેશથી સરકારી બાળ સંભાળ ગૃહ સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે સંભાળ અને રક્ષણ માટે આશ્રય હેઠળ મુકવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા બાળકોના વાલીની શોધખોળ માટે કાઉન્સેલીંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તેમજ પોલીસ અને બાળ સુરક્ષા એકમ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં શોધખોળની પ્રક્રીયા ચાલુ કરવામાં

આવી હતી. જે દરમ્યાન બાળકોના પિતા અને દાદીનો સંપર્ક ધાનેરાથી તથા તેઓને તમામ આધાર પુરાવઓ સાથે બાળગૃહ ખાતે બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. પોલીસ અને બાળ સુરક્ષા એકમ સમક્ષ તેના પિતાએ જણાવ્યું હતું કે, તેની પત્ની તેના ૦૧ નાના બાળકને સાથે લઈને અન્ય ઈસમ સાથે નાસી ગઈ છે. જેથી તેઓ પત્નીના મોટા પિતા સેક્ટર-૨૪ ગાંધીનગર ખાતે રહેતા હોવાથી આ બન્ને બાળકોને તેમના ઘરે મુકવા આવ્યા હતા. તે સમયે તેમની સાથે બોલા-ચાલી થતા બન્ને બાળકોને ત્યાં છોડીને નિકળી ગયો હતો. આમ આ બન્ને બાળકો માતા-પિતા વગરના રસ્તે રખડતા થઈ ગયા હતા. બાળ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી, નવિનચંદ્ર વ્યાસ, સભ્યશ્રીઓ, સંસ્થાકિય સુરક્ષા અધિકારીશ્રી, તેમજ સંસ્થાના અધિક્ષકશ્રી હાજર રહી બાળક અને વાલીના આધર-પુરાવાઓની ખરાઈ કરી બાળકનો કબ્જો તેના પિતાને આપ્યો હતો. અને બાળકની વિશેષ કાળજી અને દેખરેખ રાખવા તથા યોગ્ય શિક્ષણ આપવા ઉપરાંત બાળકોને બનાસકાંઠા જિલ્લાના બાળ ગૃહમાં આશ્રય હેઠળ મુકવા ભલામણ કરી હતી.

ગુરૂવારે સે. ૨૯ ખાતે આવેલ 'માસ્ટરમાઈન્ડ' પ્રિ-પ્રાઈમરી સ્કૂલ દ્વારા 'રેઈન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી તથા બાળકોને 'વર્ષાઋતુનું મહત્વ' સમજાવવામાં આવ્યું હતું. જેમાં બધા નાના ભૂલકાઓ અને શાળાનાં સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.